ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ટાઢ વાય છે...તું છાનીમાની કબાટમાંથી આપણાં ગોદડા કાઢ... આ લોકો ફ્રાન્સમાં જઈને ક્લાઈમેટ ચેન્જનું કાંઈ કરી શકવાના નથી...!! અચ્છે દિનની જેમ...!

# અમૂલના અત્યાધુનિક કેટલ ફિડ પ્લાન્ટનો રાષ્ટ્રપતિશ્રીના હસ્તે લોકાર્પણ

## દેશમાં સહકારી ક્ષેત્રે દૂધ ઉત્પાદનમાં ગુજરાતની અગ્રેસરતાના પાયામાં સરદાર વલ્લભભાઈ પટેલનું ગ્રામીણ આર્થિક વિકાસ મોડેલ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૩૦

રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજીએ ખેડા જિલ્લા કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડયુસર્સ યુનિયન-અમૂલના અતિઆધુનિક







કેટલ ફીડ પ્લાન્ટ-પશુદાણ એકમનું ખેડા જિલ્લાના કપડવંજ નજીકના કાપડીવાવ ખાતે રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ઉપસ્થિતીમાં લોકાર્પણ કર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આ પ્રસંગે મુખ્યઅતિથી પદેથી સંબોધન કરતાં ગુજરાત આજે સમગ્ર દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્રિમ સ્થાન પર છે તેનું શ્રેય સહકારિતા દ્વારા ગ્રામીણ આર્થિક વિકાસના મોડેલના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલને આપ્યુ હતું.

શ્રીમતી આનંદીબહેને ગૌરવપૂર્વક જાહેર કર્યુ કે ગુજરાતમાં માથાદીઠ દૂધ ઉપલબ્ધિ દરરોજના ૪૯૨ મિ.લીટર છે જે સમગ્ર દેશની સરેરાશ ઉપલબ્ધિના દોઢ ગણાથી પણ અધિક છે. દૂધ ઉત્પાદનનું રાજ્યના જી.ડી.પી.માં પાંચ ટકા યોગદાન રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે પશુપાલન વ્યવસાયમાં ૭૩ ટકા નારીશકિત જોડીને શ્વેતક્રાંતિમાં મહિલાશકિતને અહેમિયત આપી છે તેની ભૂમિકા આપતા કહ્યું કે રાજ્યમાં મહિલા પશુપાલકો માટે મુખ્યમંત્રી પશુપાલક યોજના શરૂ કરવામાં આવી છે અને આવા પશુપાલકોને ચાફ કટર, મિલ્કીંગ મશીન, મિલ્ક કુલર જેવા સાધનો ઉપલબ્ધ કરાવ્યા છે એટલું જ નહિ, જે ગામમાં એક પણ દૂધમંડળી ન હોય તેવા ગામોમાં મહિલા દૂધ ઉત્પાદક મંડળીને પ્રોત્સાહન અને દૂધઘર બનાવવા માટે જમીન તથા ૫૦ ટકા બાંધકામ ખર્ચ સરકાર આપે છે.

આ પ્રોત્સાહનોને પરિણામે રાજ્યમાં મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક મંડળીઓમાં ૪૧ ટકા અને મહિલા સભાસદોમાં ૧૪ ટકાનો વધારો થયો છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

શ્રીમતી આનંદીબહેને રાજ્યમાં પશુધનના સ્વાસ્થ્ય અને દૂધ ઉત્પાદનમાં વૃધ્ધિ માટે રાજ્ય સરકારે શરૂ કરેલા નવતર આયામોની છણાવટ કરતા જણાવ્યું હતું કે ગુજરાતે પશુઆરોગ્ય મેળાની પહેલ કરીને પશુઓના મોતિયા, દંતચિકિત્સા અને અન્ય રોગોના ઓપરેશનોથી પશુઓને રોગમુકિત આપી છે. મુખ્યમંત્રીશ્રી નિઃશુલ્ક પશુચિકિત્સા યોજના પણ ગુજરાતમાં શરૂ થઈ છે અને દોઢ વર્ષમાં ૧૩૭ લાખ કેસોમાં વિનામૂલ્યે સારવાર અપાઈ છે.

## સેન્ટ્રલ વકફ કાઉન્સીલમાં એ. આઈ. સૈયદ નિમાયા

ગાંધીનગર, તા.૩૦

ગત તા. ૨૩ નવેમ્બર ૨૦૧૫ના રોજ ભારત સરકાર દ્વારા એક જાહેરનામું પ્રસિધ્ધ કરીને મીનીસ્ટ્રી ઓફ માયનોરીટી અફેર્સ, સેન્ટ્રલ વકફ કાઉન્સીલ, નવી દિલ્હીનાં અગાઉનાં તમામ હોદેદારોની નિમણુંક રદ કરવામાં આવી છે. પ્રવર્તમાન વકફ બોર્ડની કામગીરીની નોંધ લઈને ગુજરાત રાજ્ય વકફ બોર્ડના ચેરમેનશ્રી એ.આઈ. સૈયદ, આઈ.પી.એસ. (નિ.)ની નામજોગ/હોદ્દાજોગ મીનીસ્ટ્રી ઓફ માયનોરીટી અફેર્સ, સેન્ટ્રલ વકફ કાઉન્સીલ, નવી દિલ્હીમાં મેમ્બર તરીકે ૩ વર્ષ માટે કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૩-૨૨-૨૦૧૫ના જાહેરનામાથી વરણી કરવામાં આવી છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળની તાજેતરમાં મળેલ બેઠકમાં શ્રી ડી.આર. દવેની પ્રમુખપદે વરણી કરવામાં આવી હતી. આ મંડળના અન્ય હોદ્દેદારોની પણ આજ બેઠકમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે શ્રી ડી.આર. દવે, ઉપપ્રમુખ તરીકે શ્રી પી.બી. ત્રિવેદી, મંત્રી તરીકે શ્રી હિરેન જે. પટેલ, સહમંત્રી તરીકે શ્રી પી.આર. રાઓલ, સંગઠનમંત્રી શ્રી ભરતભાઈ દેસાઈ અને ખજાનજી તરીકે શ્રી એચ.એન. વ્યાસની નિમણુંક કરવામાં આવી છે.

# તાપમાન ફરી એકવાર વધતા ઓછી ઠંડીનો અનુભવ થયો

## બે દિવસ ઠંડીનો ચમકારો રહ્યા બાદ ઠંડીમાં ઘટાડો થયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સહિત ગુજરાતમાં ફરી એકવાર તાપમાનમાં વધારો થયો છે. ડિસેમ્બરની શરૂઆત થઈ ચુકી છે પરંતુ અપેક્ષા મુજબની ઠંડીનો અનુભવ હજુ પણ લોકો કરી રહ્યા નથી. બે દિવસ સુધી ઠંડીનો ચમકારો રહ્યા બાદ ફરી એકવાર તાપમાનમાં એકાએક વધારો થયો છે અને લોકોએ એકાએક ઓછી ઠંડીનો અનુભવ આજે કર્યો હતો.

અમદાવાદ સહિતના રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં વધારો થઈ ગયો છે. તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. જેના કારણે તંત્રમાં પણ રોગચાળાને લઈને હવે ચિંતા પ્રવર્તી રહી છે. આજે ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૫.૮ ડિગ્રી થઈ ગયું હતું. રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં ૧૧.૬ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગ તરફથી કોઈ કોલ્ડવેવની ચેતવણી જારી કરાઈ નથી. પરંતુ ઠંડીથી લોકો સાવધાન થયા છે અને ગરમ વસ્ત્રોમાં લોકો નજરે પડી રહ્યા છે. આ સ્થિતિ યથાવત રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

અલબત્ત ગઈકાલની સરખાણમીમાં અમદાવાદમાં તાપમાનમાં વધારો થયો છે પરંતુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી તાપમાન ઘટવા માટેની અથવા તો કોલ્ડવેવની જારી કરાઈ નથી. પરંતુ ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. ફરી એકવાર અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો. સૌથી ઓછું લઘુત્તમ તાપમાન રાજ્યના નલિયામાં ૧૧.૬ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. બીજી બાજુ છેલ્લા બે દિવસમાં ઠંડીમાં વધારો થતાં લોકો ગરમ વસ્ત્ર બજારમાં ઉમટી પડ્યા છે અને ગરમ વસ્ત્રોના બજારમાં તેજી આવી ગઈ છે.



કુદરતની લીલા પણ અપરંપાર છે... ગાંધીનગર નજીકના ચિલોડા ગામે કુદરતનો અનોખો કરિશ્માએ ચર્ચા જગાવી છે. ચિલોડા ગામ પાસે રહેતા માલધારી જીવણભાઈ દેસાઈની પાળેલી તંદુરસ્ત ગાયે એક સાથે બે વાછરડાને જન્મ આપ્યો છે.

# સ્થાનિક ચૂંટણીમાં હવે પહેલા મહિલા વિજેતા જાહેર કરાશે

## પંચ દ્વારા મહાનગરપાલિકાના કિસ્સામાં નિયમ-૬૪ અને નગરપાલિકાના કિસ્સામાં નિયમ-૬૩માં ફેરફાર કરાયા

અમદાવાદ, તા.૩૦

રાજ્યની મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ તથા જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીના તા. ૨જી ડિસેમ્બરના રોજ જાહેર થતા પરિણામ પૂર્વ રાજ્ય ચૂંટણી આયોગે પરિણામ જાહેર કરવાની બાબતમાં કેટલાક સુધારા જાહેર કર્યા છે. જે મુજબ ચૂંટણી અધિકારી દ્વારા સૌ પ્રથમ સ્ત્રીઓ માટેની બેઠકનું પરિણામ જાહેર કરવાનું રહેશે.

બે સ્ત્રી અનામત બેઠકો પૈકી પ્રથમ બેઠક અનુસુચિત જાતિ-અનુસુચિત જનજાતિ - પછાતવર્ગની સ્ત્રીઓ માટેની બેઠકનું આ વર્ગ માટેની બેઠક ભરવા માટે લાયકાત ધરાવતી સ્ત્રીઓ પૈકી જે સ્ત્રી ઉમેદવારને સૌથી વધુ મત મળ્યા હોય તેને ચૂંટાયેલા જાહેર કરવાના થશે અને પરિણામ જાહેર કરવાનું રહેશે અને ત્યારબાદ બાકી રહેતા ઉમેદવારો (ચૂંટાયેલા જાહેર થયેલ સિવાયના) પૈકી બીજી બેઠકની સ્ત્રી અનામત બેઠકનું આ બેઠક ભરવા માટે લાયકાત ધરાવતી સ્ત્રી ઉમેદવારો પૈકી જે સ્ત્રી ઉમેદવારને સૌથી વધુ મત મળ્યા હોય તેને ચૂંટાયેલા જાહેર કરી પરિણામ જાહેર કરવાનુ રહેશે. ત્યારબાદ બાકી રહેતા ઉમેદવારો પૈકી ત્રીજી બેઠક એટલે કે અનુસુચિત જાતિ અનુસૂચિત આદિજાતિ પછાતવર્ગ સમાન્ય બેઠક માટે પાત્રતા ધરાવતા ઉમેદવાર પૈકી જે ઉમેદવારને સૌથી વધુ મત મળ્યા હોય તેને ચૂંટાયેલા જાહેર કરવાના થશે. ત્યારબાદ બાકી રહેતા ઉમેદવારો પૈકી જે ઉમેદવારને સૌથી વધુ મત મળ્યા હોય તેને ચોથી બેઠક માટે ચૂંટાયેલા જાહેર કરી પરિણામ જાહેર કરવાનું રહેશે.

પંચાયત ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા મુજબ ગુજરાત પંચાયત ચૂંટણી (સુધારા) નિયમો ૨૦૧૫ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. જે મુજબ મહાનગરપાલિકા નગરપાલિકા જીલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીના નિયમોમાં સુધારા કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સુધારા નિયમોથી મહાનગરપાલિકા અને નગરપાલિકાના ૧૯૯૪ના નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે.સુધારા નિયમમાં મહાનગરપાલિકાના કિસ્સામાં નિયમ ૬૪ અને નગરપાલિકાના કિસ્સામાં નિયમ ૬૩માં પરિણામ જાહેર કરવા અંગેના નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. આ અંગે જિલ્લા કક્ષાએથી તા. ૨૮મી નવેમ્બર ૨૦૧૫ની આયોગની વિડિયો કોન્ફરન્સમાં મહાનગરપાલિકા અને નગરપાલિકા માટે પરિણામ જાહેર કરવા બાબતે નિયમમાં સ્પષ્ટતા થતી ન હોવાનું જણાવી, માર્ગદર્શન માંગવામાં આવી હતી.

# રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પરંપરાગત વાનગી પીરસાઈ

## વિશેષ શાહી ભોજનનું આયોજન : ભોજનમાં આનંદીબેન, વસાવા, વાઘેલા, અલોરિયા, સેનાના વડા પણ ઉપસ્થિત

અમદાવાદ, તા.૩૦

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ગુજરાતની યાત્રા ઉપર પહોંચ્યા છે ત્યારે તેમને પરંપરાગત રીતે ગુજરાતી ભોજન પીરસવામાં આવતા તેઓ પણ રોમાંચિત થઈ ઉઠ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ, રાષ્ટ્રપતિને શુધ્ધ શાકાહારી ભોજનમાં રીંગણનો ઓળો, રોટલો, રોટલી, ઢોકળા, વેઢમી થેપલા, ખીચડી સહિતની પરંપરાગત વાનગી પિરસવામાં આવી હતી. રાજ્યપાલ ઓપી કોહલી દ્વારા વિશેષ શાહી રાત્રિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકીય ભોજનમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વિધાનસભાના સ્પીકર ગણપત વસાવા, વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા મુખ્ય સચિવ જી.આર. અલોરિયા, સેનાના ત્રણ પાંખના વડાઓ હાજરી આપી હતી. રાજયપાલ દ્વારા આયોજીત ભોજન સમારોહમાં શુધ્ધ-શાકાહારી ભોજન પિરસવાની સાથોસાથ ગુજરાતની ભાતિગળ સંસ્કૃતિનો ખ્યાલ આપતા કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિના કાર્યક્રમમાં તેમના સાંસદ પુત્ર અભિજીત તેમના પરિવાર સાથે જોડાયા હતા. આ ત્રણ દિવસ દરમ્યાન અમદાવાદ, કપડવંજ, ગાંધીનગર, સાબરમતી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ, દીવ, સોમનાથ, કાપડીવાવ, ખેડા, રાજકોટ, જામનગર થઈને દિલ્હી જવા રવાના થશે. રાષ્ટ્રપતિ સાથે પરિવારના સભ્યો અને મોટો કાફલો પણ આવ્યો છે. તેમના ત્રણ દિવસ ભરચક કાર્યક્રમ છે.




# હવે બાળ પ્રતિભાનું અબ્દુલ કલામ એવોર્ડથી સન્માનાયા

અમદાવાદ, તા.૩૦

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ સર્જનશીલ નાવિન્યપૂર્ણ શોધ સંશોધન માટે બાળપ્રતિભાઓને અમદાવાદમાં ડો.એ.પી.જે. અબ્દુલ કલામ ઈગ્નાઈટ એવોર્ડઝ-૨૦૧૫ એનાયત કર્યા હતા. નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ એવોર્ડ અર્પણ વેળાએ રાજયપાલ ઓપી કોહલી અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલે બાળકો તથા યુવા વર્ગો પર અપાર સ્નેહ વરસાવનારા અને તેમના નાવિન્યપૂર્ણ સંશોધનોને સદા પ્રેરિત કરનારા પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.ડૉ. અબ્દુલ કલામનું નામ આ એવોર્ડઝ સાથે જોડાવાના ઉપક્રમને બાળ યુવા સંશોધકો માટે ઉપયુક્ત અને ડૉ. કલામના સપનાનાં રાષ્ટ્રનિર્માણનો ઉર્જા સ્ત્રોત ગણાવ્યો હતો. આનંદીબેને જણાવ્યું કે ઈગ્નાઈટ એવોર્ડ-૨૦૧૫ની યાદીમાં બહુધા બાળકો ગ્રામીણ ક્ષેત્રોના છે તે સ્પષ્ટ સંકેત છે કે ગ્રામીણ ભારતમાં પણ જ્ઞાનસંપદા અને સર્જનશીલતા પડેલી છે. આ એવોર્ડઝ વિજેતા બાળકોમાં ગાંધીનગર જિલ્લાના નાનકડા ગામ અમરાપુરના બાળકને પણ સન્માન પ્રાપ્ત થયું છે તેનો હર્ષ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે જે ૪૧ બાળકોને એવોર્ડઝથી વિભૂષિત કરવામાં આવ્યા છે. તેમણે રોજીંદા ઉપયોગમાં આવનારી ચીજવસ્તુઓ અને પ્રક્રિયાઓને સરળ બનાવવાની કોશીષ કરી છે. આપણા બાળકો કેટલી ઝિણવટભરી રીતે અને બારીકાઈથી ચીજવસ્તુઓનું અને પોતાની આસપાસની ઘટનાઓનું નિરીક્ષણ-સમજણ કરે છે. એ હકિકત આ બાળકોએ બાળસહજ સર્જનશીલતાથી પ્રતિપાદિત કરી છે. એમ મુખ્યમંત્રીએ બાળપ્રતિભાઓને બિરદાવતાં જણાવ્યું હતું. આનંદીબેને કહ્યું કે, આપણા યુવાન પાસે ટેલેન્ટની વિપુલ ક્ષમતા છે યુવાધન દેશનું ટેલેન્ડ પુલ છે. મુખ્યમંત્રીએ આજના સ્માર્ટ લનીંગના યુગમાં સ્માર્ટ બાળકો તૈયાર કરીને ભારતને વિશ્વગુરૂ બનાવવાની દિશામાં કદમ માંડી શકાશે તેની વિશદ ભૂમિકા આપી હતી. આ સંદર્ભમાં તેમણે ગુજરાતમાં સ્માર્ટ લીગ કાર્યક્રમ તહેત ૧૬ ડી.ટી.એચ. ચેનલ્સના માધ્યમથી ટી વી દ્વારા બાળકોને આધુનિક શિક્ષણની પહેલરૂપ સિધ્ધિની વિગતો આપી હતી. આનંદીબેને શાળાકીય શિક્ષણ સાથે બાળકોમાં રહેલી સુષુપ્ત આંતરિકશક્તિ ખિલવવા માટે બાળચિત્ર સ્પર્ધા, બાળ કવિસંમેલન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની પ્રવૃત્તિઓનું પણ વિવરણ કર્યુ હતું. તેમણે બાળકો સહિત યુવા કૌશલ્ય નિખાર અને કૌશલ્યવર્ધન માટે રાજયમાં સ્કીલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી તથા ઈનોવેશન કાઉન્સીલની સફળતાઓ વર્ણવી હતી. મુખ્યંમત્રીએ આ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન ૨૦૦૮થી યુવા પ્રતિભાઓને તેમના સર્જનાત્મક વિચારો-સંશોધનોને બહાર લાવવા જે પ્લેટફોર્મ પુરુ પાડે છે.

